શરીરની અને પસીનાની દુર્ગંધ આ રીતે દૂર થઈ શકે છે.

97 22 666 44 2

VISIT…

ભગવાન ધનવંતરી સૌનું સ્વાસ્થ્ય સ્વસ્થ રાખે
તેવી પ્રાર્થના...

આર્યુવેદીક જીવનશૈલી

શરીરની અને પસીનાની દુર્ગંધ આ રીતે દૂર થઈ શકે છે.

પ્રસ્વેદ અથવા પસીનો એ શરીર નો મળ હોવાથી ત્વચા દ્વારા આખા શરીરમાંથી બહાર ફેંકાયા કરે છે. તે મળ હોવાથી તેમાં આંશિક દુર્ગંધ આવી સામાન્ય છે. પરંતુ કેટલીક વ્યક્તિના આખા શરીરમાંથી, વાળમાંથી, બગલમાંથી કે જાતીય અંગોમાંથી વધારે પડતી દુર્ગંધ આવતી હોય છે. જે અન્યને માટે અને પોતાના માટે પણ અસહ્ય થતી હોય છે. ગૃહસ્થ જીવનમાં જાતીય સંપર્ક વખતે પતિ પત્નીને ખૂબ જ નિકટ આવવાનું થતું હોય છે ત્યારે પછીનો, શ્વાસ, મુખ વગેરેની દુર્ગંધ કેટલીક વાર દુઃખદ પરિણામો પેદા કરતી હોય છે.

દરેક વ્યક્તિને સરખો પસીનો થતો નથી અને સરખી દુર્ગંધ આવતી નથી. એનું કારણ શરીરનું બંધારણ હોય છે. જે વ્યક્તિના બંધારણમાં તમોગુણ વધારે હોય છે, શરીરમાં મેદ વધુ હોય, પિત હોય, ખોરાક વાસી, પડતર, દુર્ગંધિત ઈંડા,માછલા, માંસ જેવો હોય, મેદસ્વી શરીર હોય, અસ્વચ્છતા હોય, ત્યારે દુર્ગંધ વધુ જોવા મળે છે. ગરમ દેશ અને ગરમ ઋતુમાં પસીનામાં દુર્ગંધ આવવાની વધારે શક્યતા છે.

શરીરની અને પસીનાની દુર્ગંધ આ રીતે દૂર થઈ શકે છે.

સ્વસ્થ, સપ્રમાણ અને સુંદર શરીર માટે આયુર્વેદે માનવજાતને યુગોથી અનેક ઉપાયો બતાવ્યા છે. ઉદાહરણરૂપે મેદસ્વી અને કૃશ બંને શરીરની નિંદા કરી છે, અને મેદસ્વી વ્યક્તિને જે દુર્ગંધ પસીનો થતો હોય છે તેના પણ ઉપાય બતાવ્યા છે. ભાવપ્રકાશ સંહિતામાં મધ્યમ ખંડમાં મેદદૃષ્ટિના કે વૃદ્ધિના રોગોમાં પસીનાની અને શરીરના અન્ય અંગોની દુર્ગંધ દૂર કરવાના કુદરતી, વનસ્પતિજન્ય, સરળ, નિર્દોષ અને ઘરગથ્થુ પુષ્કળ ઉપાય બતાવ્યા છે. આજે જ્યારે આખું જગત આરોગ્ય અને સૌંદર્ય માટે નિર્દોષ ઔષધોની ખોજમાં રસ લઇ રહ્યું છે ત્યારે નીચે જણાવેલા પ્રયોગો ઉપયોગી થયા વિના રહેશે નહીં.

મેદસ્વી વ્યક્તિના પસિનામાથી દુર્ગંધ દૂર કરવા માટે ગોરખમુંડી નું ચૂર્ણ કાંજી સાથે પીવાનું કહેવામાં આવ્યું છે.

કોઈ પણ કારણે પસીના માંથી દુર્ગંધ આવતી હોય તો અરડૂસી અથવા બીલીના પાનના રસમાં શંખભસ્મ પીસીને લેપ કરવો.

શરીરની અને પસીનાની દુર્ગંધ આ રીતે દૂર થઈ શકે છે.

કરંજ-કણજીના બીને પાણીમાં બારીક પીસીને તેનો આખા શરીરે લેપ કર્યા બાદ કલાક પછી સ્નાન કરવાથી પસીનાની દુર્ગંધ દુર થાય છે.

લીલી હળદર અથવા સૂકી હળદર ને દૂધમાં પીસી તે પ્રવાહી પીઠીની જેમ શરીરે ચોપડવાથી પસીનાની અને આખા શરીરની દુર્ગંધ દુર થાય છે.

હરડે, લોધર, લીમડાના કુણા પાન, આંબાની આંતરછાલ, દાડમની છાલ એ બધા દ્રવ્યોને ગૌમૂત્રમાં અને ગૌમુત્ર ન મળે તો સ્વમૂત્રમાં બારીક પીસી તેનો લેપ કર્યા બાદ કલાકે સ્નાન કરવાથી લાંબા પ્રયોગથી પસીનાની, ત્વચાની, બગલની, સ્ત્રી-પુરુષના જાતીય અંગોની દુર્ગંધ દુર થાય છે. તેમાં હળદર અને દારૂહળદર મેળવવામાં આવે તો ખૂબ જ સારું પરિણામ મળે છે. સ્ત્રીઓ માટે આ પ્રયોગ ખાસ સૂચવ્યો છે.

શરીરની અને પસીનાની દુર્ગંધ આ રીતે દૂર થઈ શકે છે.

ઉનાળામાં દુર્ગંધિત પસીનો થવાની વધુ તકલીફ જેને રહેતી હોય તેણે દારૂહળદર, તલ, લોધર, શીમળાની છાલ, વાળો અને કેસરને બારીક પીસીને શરીરે લેપ કરીને એકાદ કલાકે સ્નાન કરવું.

સરસવ, વાળો, નાગકેસર અને લોધરનો કલ્ક શરીરે ઘસવાથી અથવા જે અંગ માંથી દુર્ગંધ આવતી હોય તેના પર ઘસવાથી કે લેપ કરવાથી ત્વચા, રોમ એટલે કે વાળ, બગલ, જાતીય અંગો વગેરેની દુર્ગંધ દુર થાય છે.

જાંબુના કોમળ પાનને બારીક પીસીને તેનો ઉકાળો કરવો. તેનાથી સ્નાન કરવાથી દુર્ગંધ દુર થાય છે અને રાજા-મહારાજાઓ પણ ખુશ ખુશ થઈ જાય છે. એવું કહેવામાં આવેલ છે.

શરીરની અને પસીનાની દુર્ગંધ આ રીતે દૂર થઈ શકે છે.

ચાર તોલા ચણાનો લોટ અને એક તોલા સૂંઠનો ભૂક્કો પાણીમાં મેળવીને પસીના વાળી જગ્યા પર લગાડવો.

વડના પાકા પીડા પાંદડાનો ઉકાળો કરી પીવાથી પરસેવાની દુર્ધન્ધ દૂર થાય છે.

આયુર્વેદિક જીવનશૈલીના તમામ વિડીયો યુટ્યુબ પર નિહાળવા માટે નીચે આપેલ ઇમેજ(ફોટા) પર ટચ કરો અને અમારી યુટ્યુબની ચેનલની સબસ્ક્રાઈબ કરી જુવો આરોગ્યલક્ષી વિડીયો..

સુવર્ણપ્રાશન (આયુર્વેદિક રસીકરણ)

સુવર્ણપ્રાશનથી થતાં બાળકોને લાભ

બાળકની રોગપ્રતિકારક શક્તિ વધે છે.
બાળકની પાચન શક્તિ સુધરતા પેટની તકલીફો રહેતી નથી.
તાવ,શરદી,વાયરલ ઇન્ફેક્શન જેવા રોગોથી બચી શકાય છે.
બાળક તેજસ્વી, ચપળ અને બુદ્ધિશાળી થાય છે.
બાળકનો શારીરિક અને માનસીક વિકાસ સારો થાય છે.
બાળકનો ગુસ્સો તેમજ ચીડચીડયાપણું ઓછુ થાય છે.
બાળકની યાદશક્તિમાં સુધારો થાય છે.
સુવર્ણપ્રાશન જો બાળકને સતત છ માસ સુધી આપવામાં આવે તો બાળક શ્રુતધર બને છે એટલે કે એક વખત વાંચેલુ કે સાંભળેલુ યાદ રહી જાય છે તેવું આયુર્વેદનાં ગ્રંથમાં કહેલુ છે

જન્મથી 15 વર્ષ સુધીનાં બાળકોને તથા પ્રેગ્નેન્ટ લેડીઝને સુવર્ણપ્રાશનનાં ટીપા પીવડાવી શકાય છે.

પ્રાચીન આયુર્વેદોનાં ગ્રંથો અનુસાર સુવર્ણપ્રાશનનાં ટીપા બાળકને **નિયમીત** પીવડાવવાથી બાળકનું સ્વાસ્થ્ય જળવાઇ રહે છે.

પૂજ્ય ગુરુજી દ્વારા આયુર્વેદના પ્રાચીન ગ્રંથ કાશ્યપ સંહિતામાં બતાવ્યા અનુસાર વૈદિક મંત્રોચ્ચારથી ૧૦૦% શુધ્ધ જીએમપી સર્ટીફાઇડ બનાવવામાં આવ્યા છે.

વધુ માહિતી માટે

રાજ પરમાર
97 22 666 44 2

નવી-નવી આયુર્વેદિક માહિતી મેળવવાં
તથા અમારા ગ્રુપમાં જોડાવવા માટે
આપનું નામ,આપના શહેરનું નામ,
HEALTH લખી
97 22 666 44 2 પર
whatsapp મેસેજ કરો

અપનાવો આયુર્વેદિક જીવનશૈલી,
અને રહો સ્વસ્થ...

RAJ PARMAR

આયુર્વેદિક જીવનશૈલી